કેસ રજૂ કર્યા તારીખ : ૧૭/૧૨/૨૦૨૪
કેસ દાખલ કર્યા તારીખ : ૧૭/૧૨/૨૦૨૪
કેસ ફેસલ કર્યા તારીખ : ૦૨/૦૪/૨૦૨૬
સમય અવધિ : વર્ષ માસ દિન

**મહે. એડી. હાલોલના સીવીલ તથા એડી.જયુ.મેજી.શ્રીની કોર્ટમાં,મુ.હાલોલ,**

**ક્રિમીનલ કેસ નંબર:-૩૦૦૭/૨૦૨૪.**

**આંક : -**

**ફરીયાદી :**
મીનાબેન મંગલસિંહ રાઠોડ,
રહે. ૩,સંસ્કૃત રેસીડન્સી,સ્ટેશન રોડ,હાલોલ,
જી.પંચમહાલ.

**વિરૂધ્ધ**

**આરોપી:-**
વિશાલ રજનીકાન્ત પટેલ
રહે. બી/૧૦૧, દર્શનમ પલ,
તરસાલી, વડોદરા.

**ગુન્હો : નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ.**

---

ફરિયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલ **શ્રી એમ.જી.રાણા,**
આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ **શ્રી જે.બી.જોષી**

---

**// ઠ રા વ //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદીના પડોશમાં રહેતા હોય અને સંબંધો સારા હોય સને ૨૦૨૧

–૨૨ ના વર્ષમાં ઘરનુ ફર્નિચર કરાવવા નાણાની જરુર પડતાં ફરીયાદી પાસેથી જરુરીયાત પ્રમાણે ટુકડે ટુકડે રુ. ૧૦,૦૦,૦૦૦/– હાથ ઉછીના લીધેલ અને તે નાણા નહી ચુકવતાં આરોપીએ ફરીયાદીને તેમના કાયદેસરના નાણા ચુકવવા માટે રુ.૩૦૦/–ના સ્ટેમ્પ પેપર પર નોટરી રુબરુ તા. ૧ ૫/૦૨/૨૩ ના રોજ અ.નં. ૧૦૫૩/૨૩ થી લખાણ કરી સાક્ષીઓની રુબરુ નોધણી કરેલ અને સદરહુ નાણાની ચુકવણી પેટે બે ચેક આપેલા તે પૈકી ચેક નં. ૫૧૯૬૧૮ નો એકસીસ બેક, માંજલપુર શાખાનો રુ.૫,૦૦,૦૦૦/–નો તા. ૧૧/૧૦/૨૪ ના રોજનો આપેલ અને ચેક રજુ કરતાં તેના નાણા મળી જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ.વધુમાં આ જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ તા. ૧૧/૧૦/૨૦૨૪ ના રોજ બેંક ઓફ બરોડા,હાલોલ શાખામાં રજુ કરતાં સદરહુ ચેક કલીયરીંગમાં મોકલતાં ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે તા.૧૫/૧૦/૨૪ ના રોજ રીટર્ન મેમોથી પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપીને તેમના વકીલ મારફતે રજી.પો.એડી.થી તા. ૧૩/૧૧/૨૦૨૪ ના રોજ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને તા. ૧૯/૧૧/૨૦૨૪ ના રોજ મળતાં આરોપીએ સદરહુ નોટીસનો ઉડાઉ જવાબ આપેલ અને ચેક અન્વયેની રકમ ચુકવી આપેલ નથી અને તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ

તેમ જણાવી સમન્સ કાઢી પકડી મંગાવી ચેકની રકમની બમણી રકમનુ વળતર અપાવવા તથા યોગ્ય નસ્યત કરવા  વિનંતિ કરેલ છે.

(૨) ફરિયાદીની ઉપરોકત ફરિયાદ, વેરીફીકેશન તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે હાલની ફરિયાદ અંગે કોગ્નીઝન્સ લઈ આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૪ અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે પ્રોસેસનો હુકમ કરેલ હોઈ,સંમન્સની બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની **કલમ–૨૦૭** મુજબ આરોપીને ફરિયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મુલ્યે  પુરા પાડવામાં આવેલ છે.

(૩) ત્યાર બાદ ફોજદારી કાર્યવાહી અધિનિયમની **કલમ–૨૫૧** મુજબ આરોપીનું નિવેદન **આંક–૮** થી લેવામાં આવેલ છે.આરોપીએ તેમની સામેનો ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરેલ છે અને કેસ ચલાવવો છે તેમ જણાવેલ છે.  ત્યાર બાદ  હાલની ફરિયાદ અન્વયે ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક.** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી સમીર મુસ્તુફા કલોલીયાનું સરતપાસનુ સોગંદનામુ | ૦૪ |

## <u>દસ્તાવેજી પુરાવો:–</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક. |
|---|---|---|
| ૧. | તકરારી ચેક | ૧૪ |
| ૨. | ચેક રીટર્ન મેમો | ૧૫ |
| ૩. | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૬ |
| ૪. | નોટીસ આર.પી.એ.ડી. કર્યાની પાવતી | ૧૭ |
| ૫. | પોષ્ટ ખાતાની એકનોલેજમેન્ટ | ૧૮ |
| ૬ | ચેક બેંકમાં જમા કરાવ્યાની રસીદ | ૧૯ |
| ૭ | લેખીત કરાર | ૨૦ |
| ૮ | આરોપીએ આપેલ નોટીસનો જવાબ | ૨૧ |
| ૯ | બેંકનુ સ્ટેટમેન્ટ | ૨૨ |

આ કામે ફરીયાદ પક્ષે આંક–૨૭ લગત હુકમ કરી પુરાવાનો હકક બંધ કરેલ છે.

આ કામે આરોપી પક્ષ તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**-:<u>દસ્તાવેજી પુરાવો:-</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક. |
|---|---|---|
| ૧. | આરોપીએ ફરીયાદી તથા અન્ય ત્રણ ઈસમો વિરુધ્ધ કરેલ ફરીયાદ | ૩૦ |

આ કામે આરોપી પક્ષે આંક-૨૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે આ કામના ફરીયાદીએ આંક-૪ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરી ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે અને તેની ચર્ચા આ ચુકાદામાં અગાઉ કરેલ હોઈ હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેની પુન: ચર્ચા કરવામાં આવેલ નથી.

જયારે આરોપી તરફે વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ સાહેદે સ્વીકારેલ છે કે, મારા બેંક ખાતાનુ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. સદર સ્ટેટમેન્ટમાં આરોપીએ તા. ૦૩/૧૨/૨૦૨૦ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૦૫/૦૨/૨૦૨૧ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૦૫/૦૩/૨૦૨૧ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૦૫/૦૪/૨૦૨૧ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૧૪/૦૫/૨૦૨૧ ના રોજ રુ.૪,૮૦૦/- , તા. ૦૫/૦૬/૨૦૨૧ ના રોજ રુ.૩૫,૦૦૦/- , તા. ૦૫/૦૭/૨૦૨૧ ના રોજ રુ.૪૧ ,૬૦૦/-તા. ૦૪/૦૮/૨૦૨૧ ના રોજ રુ.૩૫,૮૦૦/- , તા. ૧૧/૦૯/૨૦૨૧ ના રોજ રુ.૨૦,૦૦૦/- , તા. ૨૫/૧

૦/૨૦૨૧ ના રોજ રુ.૧૬,૦૦૦/- ,તા. ૩૧/૧૦/૨૧ ના રોજ રુ.૫૦,૦૦૦/- તથા તા. ૧૫/૧૧/૨૧ ના રોજ રુ.૨૦,૦૦૦/-,તા. ૨૫/૧૦/૨૧ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા. ૩૧/૧૦/૨૧ ના રોજ રુ.૫૦,૦૦૦/-તા. ૧૫/૧૧/૨૧ ના રોજ રુ.૨૪,૦૦/-, તા.૨૪/૧૧/૨૧ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા. ૦૫/૧૨/૨૧ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૨૭/૧૨/૨૧ ના રોજ રુ.૧૬,૦૦૦/-, તા. ૦૫/૦૧/૨૨ ના રોજ રુ.૩૫,૦૦૦/-,તા. ૨૭/૧૨/૨૧ ના રોજ રુ.૧૬,૦૦૦/- ,તા. ૦૫/૦૧/૨૨ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા.૦૪/૦૨/૨૨ ના રોજ રુ.૩૫,૦૦૦/- ,તા. ૨૮/૦૨/૨૨ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા. ૦૭/૦૩/૨૨ ના રોજ રુ.૧૫,૭૦૦/-,તા. ૨૮/૦૩/૨૨ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા. ૦૭/૦૪/૨૨ ના રોજ રુ.૫૦,૦૦૦/-,તા. ૦૮/૦૪/૨૨ ના રોજ રુ.૫૦,૦૦૦/- તા. ૦૯/૦૪/૨૨ ના રોજ રુ.૫૦,૦૦૦/-,તા.૧૦/૦૪/૨૨ ના રોજ રુ.૫૦,૦૦૦/-,તા. ૧૨/૦૪/૨૨ ના રોજ રુ.૨૫,૦૦૦/-,તા. ૦૬/૦૫/૨૨ ના રોજ રુ.૧૬,૦૦૦/-તા. ૨૯/૦૫/૨૨ ના રોજ રુ.૧૬,૦૦૦/-,તા. ૦૮/૦૭/૨૨ ના રોજ રુ.૨૦,૦૦૦/-,તા. ૦૯/૦૭/૨૨ ના રોજ રુ.૧૧,૦૦૦/-,તા. ૨૫/૦૭/૨૨ ના રોજ રુ.૪૦,૦૦૦/-,તા. ૦૫/૦૮/૨૨ ના રોજ રુ.૫,૦૦૦/- તા.૦૬/૦૮/૨૨ ના રોજ રુ.૫,૦૦૦/-,તા. ૦૭/૦૮/૨૨ ના રોજ રુ.૧૫,૦૦૦/-તા. ૨૭/૦૮/૨૨ ના રોજ રુ.૪૦,૦૦૦/-,તા. ૦૮/૦૯/૨૨ ના રોજ રુ.૨૫,૦૦૦/-

તા.૨૭/૦૯/૨૨ ના રોજ રૂા.૪૦,૦૦૦/–,તા. ૦૬/૧૦/૨૨ ના રોજ રૂા.૨૫,૦૦૦/–,તા. ૩૧/૧૦/૨૨ ના રોજ રૂા.૪૦,૦૦૦/–,તા. ૦૬/૧૦/૨૨ ના રોજ રૂા.૨૫,૦૦૦/– તા. ૩૧/૧૦/૨૨ ના રોજ રૂા. ૪૦,૦૦૦/–,તા. ૧૫/૧૧/૨૨ના રોજ રૂા.૨૫,૦૦૦/– તા.૨૬/૧૧/૨૨ ના રોજ રૂા.૨૦,૦૦૦/–તા. ૨૭/૧૧/૨૨ નારોજ રૂા.૨૦,૦૦૦/– તા. ૦૯/૧૨/૨૨ ના રોજ રૂા.૨૫,૦૦૦/–તા. ૦૬/૦૧/૨૨ ના રોજ રૂા.૪૦,૦૦૦/–,તા. ૦૮/૦૧/૨૩ ના રોજ રૂા.૨૫,૦૦૦/– અને તા. ૧૩/૦૬/૨૫ ના રોજ રૂા.૨૫,૦૦૦/–મળી કુલ રૂા.૧૨,૪૯,૩૦૦/–જમા કરાવેલ છે. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, આ તમામ નાણા આગળના લ ેવડદેવડના જમા કરાવેલ છે. અગાઉ આરોપી સાથે લેવડ દેવડ થયેલ હોય તે હકીકત ફરીયાદ કે જુબાનીમાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અગાઉનો હિસાબ પુરો થયેલ હોવાથી તે હકીકત જણાવેલ નથી. આરોપીએ ફરીયાદી તથા તેમના ભાઈ આશિષ વિરુધ્ધ વ્યાજે નાણા ધીરવાની હાલોલ પો.સ્ટે.માં એફ.આઈ.આર. કરેલ જે કેસ ચાલુ છે. આરોપીએ ચેક રીટર્નની નોટીસનો જવાબ આપેલ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે, આ કેસ સિવાય બીજો એક રુપિયા પાંચ લાખનો ચેક રીટર્નનો કેસ કરેલ છે તે ચાલુ છે. આરોપી છ સાત વર્ષથી વડોદરા રહેવા જતા રહેલ છે. તેઓ કોઈ પણ પ્રકારનો ધંધો કરતા હોય તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ રાખેલનથી. તેમની આવક દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ

રાખેલ નથી. ફરીયાદવાળો વ્યવહાર સને ૨૦૨૧–૨૨ માં થયેલ. તેમની ફરીયાદ મુજબનો નાણાકીય વ્યવહાર સમયે તેઓએ આરોપી સાથે નોટરી રુબરુ લખાણ કરાવેલ. તેમને ૨૦૨૧–૨૨ માં જે લખાણ થયેલ તે કેટલા રુપિયાનુ થયેલ તે ખબરનથી. તેઓએ રજુ કરેલ આંક–૨૦ ના દસ્તાવેજમાં પેરા–૧ માં લખેલ હકીકત સાચી છે. સને ૨૦૨૧–૨૨ ના લખાણ થયા બાદ હાલના લખાણ વચ્ચે કોઈ નાણા આપેલ હોય તેવો તેમનો કેસ નથી. ફરીયાદવાળો ચેક તેમની પાસે કોરો આવેલો. ચેક ઉપરનુ લખાણ તેઓ બેંકમાં ગયેલ ત્યારે કોઈક માણસ હતા તેમની પાસે લખતા આવડતુ ન હોય તેમની પાસે લખાવેલુ. તેઓ બેંક ઓફ બરોડામાં બચત ખાતુ ધરાવે છે. ફરીયાદવાળો નાણાકીય વ્યવહાર તા.૧ ૫/૦૨/૨૩ નારોજનો છે અને તા. ૦૩/૧૧/૨૦૨૦ થી તા. ૧ ૩/૦૬/૨૩ સુધી બેંક ઓફ બરોડાના તેમના બચત ખાતાનુ સ્ટેટમેન્ટ રજુ કરવા તૈયાર છે.

૬) ત્યાર બાદ સદર કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખેલ અને આરોપી હાજર થતાં આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે તેમની સામે ખોટો કેસ કરેલ છે. આ કામે આરોપીએ બચાવના કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

(૭) સદર કામે ફરીયાદી દ્વારા જે દસ્તાવેજો રજુ કરેલ તે દસ્તાવેજોને

આંક–૫ નીચે હુકમ કરતા સમયે તેની પુરાવાકીય મુલ્ય આખરી હુકમ સમયે નકકી કરીશું તે હકિકત ધ્યાને લેતા સદર રજુ દસ્તાવેજો અસલ છે તેમજ ફરીયાદી ધ્વારા પોતાના સોગંદનામામાં રીફર કરેલ છે તથા પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયેલ છે જેથી તેને પુરાવામાં વં ચાણે લેવામાં આવેલ છે.

ત્યાર બાદ આ કામે ફરીયાદ પક્ષે તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

ફરીયાદ પક્ષે વિ.વ.શ્રીએ દલીલો કરતાં જણાવેલ છે અને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો કરેલ હોવાનુ ફરીયાદ પક્ષ પુરવાર કરેલ હોય માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતિ કરેલ છે.

આ કામે આરોપી પક્ષે મુખ્યત્વે ફરીયાદીની ફરીયાદ હકીકતનો ઈન્કાર કરી ફરીયાદીની ફરીયાદ રદ કરવા અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.વધુમાં જણાવેલ છે કે, સદર કામના ફરીયાદી આરોપી સાથે કોઈ પણ વ્યવહાર થયેલ હોય તેવુ પુરવાર કરી શકેલ નથી અને આરોપીએ તેમનો બચાવ રજુ કરી ફરીયાદ પક્ષને ખોટો પાડી તેમના પુરાવાનુ ખંડન કરી પ્રીઝમશન રીબટ કરેલ છે અને આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા રેકર્ડ ધ્યાને લઈ આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવીને છોડી મુકવા વિનંતિ કરેલી છે.

(૮) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના

મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ સાબિત કરે છે કે, આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણાં પેટેનો **આંક–14** થી રજુ ચેક આપેલ અને તે ચેક ''**ફંડ ઈનસફીસીયન્ટ**'' ના શેરા સાથે પરત થયેલ, જેની લેખિત નોટીસ આરોપીને મળેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચૂકવણી સમય મર્યાદામાં ન કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. ***''નકારમાં''.***

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**મુદ્દા નં.૧ :–**

(૧૦) આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબીત કરવાના રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :–૧૩૮

ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણા ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસર નુ દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમય મર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા ૧૫ દિવસના સમય મર્યાદામાં ચુકવી આપેલા નથી.

(૧૧) આ કામે હાલના ફરીયાદી ધ્વારા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: –૧૩૮ મુજબનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે સદર ગુનાના તત્વોની ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય

તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :– ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુઘ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ:–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવેતો વિરુઘ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંન્ને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં '' ***વિરૂઘ્ધનુ સાબિત ના થાય તો*** '' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરૂઘ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે. અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૨) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ક.૧૩૮ અનુસારના ગુનો બનાવ માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેનો હોવો જોઈએ. ત્યારે આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના

ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ ફરિયાદી દ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) અન્વયે પોતાની તમામ હકીકતોને સમર્થનકારક પુરાવો આ કામે તેઓ દ્વારા સોગંદનામાથી રજુ કરવામાં આવેલ છે, જે સોગંદનામામાં તેઓએ આ કામે આરોપી સાથે થયેલ વ્યવહારની વિગતો તેમજ આ કામે આરોપી દ્વારા તેઓને ચેક આપવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક મૌખિક પુરાવો રજુ કરેલ છે, તેમજ આ કામે તેઓ દ્વારા આરોપીનો ચેક કલીયરીંગ માટે બેંકમાં રજુ કરવામાં આવતા આ ચેક અસ્વીકાર થઈ પરત ફરેલો હોવાનો અને આ ચેક પરત ફર્યા બદલ આ કામના આરોપીને નોટીસ આપેલી અને તે નોટીસ પણ આરોપીને બજી ગયેલ હોવાની હકીકતને સમર્થનકર્તા મૌખિક પુરાવો રજુ કરેલ છે તેમજ આ કામે પોતાના મૌખિક પુરાવાના સમર્થનકારક દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરવામાં આવેલ છે, જેમાં આ કામે ફરિયાદી દ્વારા અસલ ચેક, રીર્ટન મેમો,આરોપીને આપવામાં આવેલ નોટીસ તથા આ નોટીસ આરોપીને બજી ગયેલ હોવા અંગેની રજી. પો.એડી.ની એકનોલ ેજમેન્ટ સ્લીપ રજુ કરવામાં આવેલ છે.

**<u>મુલ્યાંકન:–</u>**

આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એવુ જણાવેલ છે કે, આરોપીને જરુર પડતાં વર્ષ ૨૦૨૧–૨૦૨૨ આરોપીને રુ.૧૦,૦૦,૦૦૦

/- હાથ ઉછીના આપેલા અને આરોપીએ તે પૈસા પરત કરવા માટે ફરીયાદીને બે ચેક આપેલા જેના ફરીયાદીએ હાલનો એક કેસ રૂા.૫,૦૦,૦૦૦/-નો કરેલ છે. હવે જોવા જઈએ તો ફરીયાદીએ પોતે ફરીયાદમાં એવુ લખેલ છે કે, આ નાણાકીય વ્યવહાર વર્ષ ૨૦૨૧-૨૨ માં થયેલો અને વ્યવહાર સમયે જ આરોપી સાથે નોટરી રુબરુનુ લખાણ કરાવેલુ. આ લખાણ તા.૧૫/૦૨/૨૩ ના રોજનુ થયેલ છે અને આંક-૨૦ નુ લખાણ જોવા જઈએ તો તેમાં એવુ દર્શાવેલ છે કે, રૂા.૫,૦૦,૦૦૦/- નવેમ્બર-૨૦૨૩ માં અને બીજા રૂા.૫,૦૦,૦૦૦/- મે -૨૦૨૪ સુધીમાં આરોપી ફરીયાદીને પરત કરી દેશે. પરંતુ આ કામે ફરીયાદીએ તા. ૧૭/૧૨/૨૪ ના રોજ આ ફરીયાદ કરેલ છે જે પૈસા આપવાનો સમય નકકી થયેલ તે સમયથી બહુ લાંબા સમય બાદ પછી આ કેસ દાખલ કરેલ છે.

વધુમાં ઉલટ તપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, આરોપી સાથે જે નાણાકીય વ્યવહાર છે તે તા.૧૫/૦૨/૨૩ ના રોજ જયારે લખાણ થયુ ત્યારનુ છે અને આરોપીએ તેમના ખાતામા જે પણ પૈસા આપેલ હતા તે અગાઉના વ્યવહારના હતા. પરંતુ આ કામના ફરીયાદ પક્ષે તરફે રજુ કરેલ આંક-૨૨ ના પોતાના સ્ટેટમેન્ટમાં તા. ૧૩/૦૬/૨૩ ના રોજ રૂા.૨૫,૦૦૦/- આરોપી દ્વારા ફરીયાદીના ખાતામાં જમા કરાવેલ છે જે લખાણના ચાર મહીના પછી જમા કરાવેલ છે. હવે, માનવા ખાતર માની લઈએ કે, તા. ૧

૫/૦૨/૨૩ ના રોજ થયેલ લખાણ બીજા વ્યવહાર માટે હતો જેના માટે બે કોરા ચેકો આપેલા હતા. પરંતુ જયારે ઉલટ તપાસમાં અને ફરીયાદમાં માનેલ છે કે ૨૦૨૧–૨૨ માં વ્યવહાર થયેલ છે તો લખાણ એક વર્ષ પછી કેમ કરવામાંા આવેલ છે અને લખાણ મુજબ પૈસા આપવાની વિગત નવેમ્બર–૨૦૨૩ અને બીજુ પાર્ટ પેમેન્ટ મે–૨૦૨૪ ના રોજ મુદત આપી હતી છતાં હાલનો ચેક તા. ૧૧ /૧૦/૨૪ ના રોજ નાખેલો જેથી તેવુ માની શકાય કે, ફરીયાદીએ સીકયુરીટીના ચેકનો દુરુપયોગ કરીને બેકમા જમા કરાવેલ.

વધુમાં ફરીયાદીના કહેવા મુજબ તા.૧૫/૦૨/૨૩ પછી કોઈ પણ પૈસા આપેલ નથી જે આંક–૨૨ ના સ્ટેટમેન્ટથી ખંડન થાય છે .જેથી આ કામની લેણી રકમ ફરીયાદ કરતા પહેલાં અમુક રકમ અગાઉ ફરીયાદીને ચુકવી આપેલ હોય તેવુ ફલિત થાય છે અને ફરીયાદ પક્ષની એવી પણ દલીલ નથી કે, પરંતુ ફરીયાદીની ફરીયાદ તથા ઉલટ તપાસની હકીકતો લક્ષમાં લેતાં પાર્ટ પેમેન્ટ થયેલાની હકીકત જણાઈ આવે છે.

આ કામે રજુ કરેલ **2022(0) AIJEL SC. 69962 (S.C.) દશરથભાઈ ત્રિકમભાઈ પટેલ વિરુધ્ધ હિતેશ મહેન્દ્રભાઈ પટેલના** ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે, કલમ–૫૬ પ્ર માણે જયારે પાર્ટ પેમેન્ટ કરેલ હોય ત્યારે આખો ચેક ભરી આપે તો તે ચેકની રકમ કાયદેસરની લેણી રકમ ન ગણાય.

તે કારણોસર જયારે **એન.આઈ.એકટમાં કલમ–પ૬** પ્રમાણે જયારે ચેકની અમુક રકમ આપી દીધેલ હોય અને ચેક પુરી રકમનો ભરી આપે છે ત્યારે તે રકમ કાયદેસરની લેણી રકમમાં ગણી શકાય નહી અને જયારે ચેક આપ્યા પછી અમુક રકમ આરોપી ચુકવી આપે ત્યારે ફરીયાદીને ચેકના પાછળ શેરો મારીને નોધ કરવી પડે કે કેટલા રુપિયા એમને ચેકની રકમમાંથી ચુકવી આપેલ છે તેવુ નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં ફરીયાદીએ આરોપીને આપેલી રકમ બાબતે માની શકાય તેવા કોઈ મૌખિક કે દસ્તાવેજી આધાર પુરાવા પણ રજુ કરેલ નથી.

વધુમાં ફરીયાદની ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, હુ કોઈ પણ પ્રકારનો ધંધો કરતી હોય તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ રાખેલ નથી અને એવુ પણ સ્વીકારેલ છ`કે, મારી આવક દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી.આમ, આ આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસમાં ફરીયાદીની સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં આ કામે ફરીયાદીએ આરોપીને રુ. ૧૦,૦૦,૦૦૦/–જેવી મોટી રકમ હાથ ઉછીના આપેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી.

આમ, આરોપી અને ફરીયાદી વચ્ચે ઉપરોકત લેણી રકમ લ`વાની બાકી હતી તેવી હકીકત સદર કામના ફરીયાદ સાથે સુસંગત થતી ન હોવાનું રેકર્ડ ઉપર રજુ થયેલા પુરાવાથી પુરવાર થતુ હોય

ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>// હુ ક મ //</u>**

૧. આ કામના આરોપી વિશાલ રજનીકાન્ત પટેલ, રહે. બી/૧૦૧ દર્શનમ પલ, તલસાલી,વડોદરાનાઓને ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપીએ અપીલ સમય સુધી જામીન રુા.૧૫,૦૦૦/–ના રજુ કરવા.

સદરહુ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–હાલોલ
તા. ૦૨/૦૪/૨૦૨૬

**(હર્ષ એચ.વિશ્નોઈ)**
એડી.જયુ.મેજી.ફર્સ્ટ કલાસ,હાલોલ
**કોડ નં. જીજે ૦૧૬૦૫**

પંચાલ